ગ્રેના અને જાદુઈ દાડમ

મેલ્વિન લેવિટ




ગ્રેના અને જાદુઈ દાડમ





ગ્રેના અને જાદુઈ દાડમ

મેલ્વિન લેવિટ



ઘણા સમય પહેલાની વાત છે. જ્યાં સૂર્યોદય થાય છે, ત્યાંથી દક્ષિણ-પશ્ચિમમાં એક ઘાટી હતી. એક નદી એ ઘાટીની વચ્ચેથી ધીરે-ધીરે વહેતી હતી અને એની ચારે બાજુ ઊંચા-ઊંચા વૃક્ષ હતા. એને દાડમની ઘાટી કહેવામાં આવતી હતી.

ત્યાં સંસારના સૌથી મોટા, રસીલા દાડમ ઉગતા હતા જેના દાણા માણેકની જેમ ઘેરા લાલ રંગના હતા. દર વર્ષે ઓક્ટોબર મહિનામાં રાજા ત્યાં આવતા હતા અને સૌથી સારા દાડમ શાહી મૂલ્ય આપીને ખરીદતા હતા.



પણ આ ઘાટીમાં પણ જ્યાં મોટા ભાગના લોકો શ્રીમંત હતા, થોડા લોકો ગરીબ પણ હતા અને સૌથી ગરીબ હતી ગ્રેના ડીન. એ એક પહાડની પથરાળી ટોચ પર એકલી રહેતી હતી જ્યાં દાડમનો એક પણ છોડ ઉગી શકતો ન હતો.

વ્યવસાયે ગ્રેના એક ચિકિત્સક હતી અને એના કામમાં નિપુણ હતી. પણ દાડમની ઘાટીમાં લોકો ચિકિત્સકોને નહીં, દાડમ ઉગાડનારાનું સન્માન કરતા હતા.





વસંતની એક રાતે, દરવાજા પર જોરથી ટકોરાનો અવાજ સાંભળીને ગ્રેના જાગી ગઈ. એણે ઉઠીને દરવાજો ખોલ્યો. બહાર એક ફાયરલિંગ રાજકુમાર ઉભો હતો. ડરીને એ થોડી પાછળ હટી ગઈ. ફાયરલિંગ જાદુઈ પ્રાણી હતા અને સમજદાર લોકો એનાથી દૂર જ રહેતા હતા.

ફાયરલિંગનો ચહેરો ભયથી વિકૃત થઈ ગયો હતો અને એ ચિંતામાં એની લાંબી આંગળીઓ મસળી રહ્યો હતો. "મારી દીકરી મરવા પડી છે!" એણે રડતા-રડતા કહ્યું. "કૃપા કરીને એની મદદ કરો."

"હું-હું શું કરી શકું છું?" ગ્રેનાએ અચકાઈને કહ્યું. "જો તમારું જાદુ એને બચાવી નહીં શકે, તો હું કેવી રીતે બચાવી શકું?"

"એ અમારા જાદુથી પર છે," ફાયરલિંગના આંસુ રોકાતા ન હતા. "પણ જાદુથી વધારે પ્રભાવવાળી વસ્તુઓ પણ હોય છે. ઘણે દૂર મારા કિલ્લામાં મને તમારી દયા અને ડહાપણનો અનુભવ થયો છે. તું મદદ કરી શકે છે. કૃપા કરીને મારી સાથે ચાલ."


ગ્રેનાએ એક જૂની શાલ એના ખભા પર ઓઢી લીધી. એની દવાઓની પોટલી લઈને રાતના અંધારામાં એ ફાયરલિંગ રાજકુમારની પાછળ ચાલી નીકળી. બહાર એક ઊંચો ઘોડો એની પ્રતીક્ષા કરી રહ્યો હતો. એ બંને એના પર સવાર થઈ ગયા.


અંધારામાં એ લાંબા સમય સુધી ઝડપથી આગળ વધતા ગયા. આખરે એ એવી જગ્યાએ રોકાયા જ્યાં વિચિત્ર જાનવરોના આકારમાં કોતરાયેલી બે મોટી શીલાઓ હતી. ગ્રેનાએ એક એવી જગ્યાની ઝલક જોઈ જેના ડરામણા સપના એને નાનપણથી જ આવતા હતા - આગની ઘાટી. એ જગ્યા યાતના પામેલા આકારોનું જંગલ હતી. રક્તના લાલ રંગના મિનારા અને શિખર થીજી ગયેલી અગ્નિની જ્વાળા જેવા લાગી રહ્યા હતા. અહીં જ ફાયરલિંગ પ્રજાતિના જીવ રહેતા હતા. આજ સુધી કોઈ પણ મનુષ્ય એ ઘાટીની અંદર જઈને પાછો ફર્યો ન હતો.

ફાયરલિંગ રાજકુમારે ગ્રેનાની આંખો પર પટ્ટી બાંધી. "તારે માટે એ જ સારું થશે કે તું કંઈ જોઈ ન જાય," એણે કહ્યું. ગ્રેનાનું હૃદય જોર-જોરથી ધડકી રહ્યું હતું.









જયારે એની આંખો પરથી પટ્ટી હટાવવામાં આવી, તો ગ્રેનાએ જોયું કે એ ગુલાબી રંગના પથ્થરોથી બનેલા એક મોટા ઓરડામાં હતી. ઓરડામાં એક પણ બારી ન હતી પણ ત્યાં ઘણી રોશની હતી. એવું લાગી રહ્યું હતું કે ઓરડાની દીવાલો પણ જાદુઈ હતી. એક ખૂણામાં એક ફાયરલિંગ સ્ત્રી એક બાળકને પકડીને બેઠી હતી. ગ્રેનાએ અનુભવ્યું કે તેના વિકૃત ચહેરા પર મમતાની મૃદુતા હતી. આ પ્રાણી દુષ્ટ નથી, એણે વિચાર્યું, પણ એના જાદુ એને ડરામણા બનાવી દેય છે.



ગ્રેનાએ બાળકીને પોતાના હાથમાં ઉંચકી લીધી. નાની બાળકી બરફ જેવી ગરમ અને સળગતી ઠંડી જેવી લાગી રહી હતી. એનું નાનું હૃદય બહુ ધીમે ધડકી રહ્યું હતું. ગ્રેનાએ બાળકીને સાવ પાસે લાવીને એની તપાસ કરી. ધીરે-ધીરે ગ્રેનાના મનમાં બાળકીની બીમારીનું એક ચિત્ર બનવા લાગ્યું. એને મનમાં એક વિશાળ, શીંગડાંવાળો અને કાળો ડરામણો દાનવ દેખાયો, અને એ સમજી ગઈ. આ એવા જાદુને કારણે થયું હતું જે નિયંત્રણની બહાર થઈ ગયું હતું. ફાયરલિંગના ચિકિત્સકોના જાદુએ દાનવની શક્તિ વધારી દીધી હતી.





બાળકીનો ઈલાજ કરવા માટે એ જાદુના પ્રભાવને બહાર લાવવો જરૂરી હતો. પણ કેવી રીતે? ગ્રેનાએ બાળકીને એની માઁ ને સોંપી દીધી. પછી એણે એની પોટલીમાંથી દરદ મટાડનાર દાડમના રસની બરણી કાઢી. એણે એના મનને શાંત કર્યું અને દાડમના રસ જેવું શુદ્ધ અને જાદુ રહિત બનાવી દીધું. એણે પોતાની હથેળી પર રસ રેડયો અને પગના તળિયે એને ઘસ્યો.

દાડમના રસથી રંગાયેલા લાલ હાથોમાં એણે બીમાર બાળકીને ઉઠાવી. એ જ પળે બધો જાદુ બાળકીના શરીરમાંથી નીકળીને ગ્રેનાની અંદર આવી ગયું. એ તેના શરીરમાં આગની જેમ આરપાર ઉતરી ગયું અને એના પગમાં થઈને જીવિત પથ્થરોમાં જતું રહ્યું. એની આંખની સામે બધી વસ્તુઓ લાલ થઈ ગઈ, અને પછી બધું અંધારામાં ખોવાઈ ગયું.

જયારે એ ઊંઘમાંથી ઉઠી તો એણે જોયું કે એ એક પથ્થરની પથારી પર સૂતી હતી. ફાયરલિંગ રાજકુમાર અને રાજકુમારી એની પાસે ઉભા હતા. રાજકુમારના હાથમાં દાડમનો એક નાનો છોડ હતો.

"બાળકી...." ગ્રેનાએ પૂછ્યું.

ફાયરલિંગ મહિલાએ સ્મિત કર્યું, "એ સ્વસ્થ છે."

ફાયરલિંગ રાજકુમાર નજીક આવ્યો અને એણે એ છોડ ગ્રેનાને આપ્યો. "આનો અમારા આભાર સાથે સ્વીકાર કરો," એણે કહ્યું. "એને તારા પહાડ પર લગાવજે. અને આ જ ઋતુમાં એ ફળ આપશે. પણ ધ્યાન રાખજે, અમારા લોકોની ભેટો જોખમી હોય છે અને ઘણી વાર ભલું કરવાને બદલે નુકસાન પહોંચાડે છે. વચન આપ કે આ છોડની પહેલી ઉપજ ન તું ખાઈશ કે ન કોઈને વેચીશ."

ગ્રેનાએ છોડને સંદેહની દ્રષ્ટિથી જોયો. "હું વચન આપું છું. પણ મારી ભૂમિમાં કંઈ ઉગતું નથી."


"આ છોડ ઉગશે અને મોટો પણ થશે," ફાયરલિંગ રાજકુમારે કહ્યું. "એને ખૂબ પાણી આજે, નદીનું પાણી અને તારી આંખોનું પણ. તારી પાસે બંનેમાંથી કોઈની કમી નહીં રહે."





ફાયરલિંગ રાજકુમારની વાત સાચી નીકળી. પણ નજર રાખનાર આંખો અને વાતો કરતી જીભ ક્યારેય સૂતી નથી. એમણે ગ્રેનાને અગ્નિની ઘાટીમાં જતી જોઈ લીધી હતી. જયારે એ ઘરે પાછી ફરી તો થોડા લોકો એને "ફાયરલિંગ-પ્રેમી" અને "ડાકણ" બોલાવવા લાગ્યા. એ એનું અપમાન કરતા. ગ્રેનાએ દાડમનો છોડ એના ઘર પાસે વાવી દીધો. રોજ એ નદીમાંથી પાણી લઈ આવતી અને છોડને પાણી આપતી. અને એણે ઘણા આંસુ પણ વહાવ્યા.

લોકો ત્યાં આવીને એની મજાક ઉડાવતા. "જા, જઈને આગની ઘાટીમાં તારા મિત્રો સાથે રહે!" એ એની ઉપર બૂમ પાડતા. એમનું ચાલત તો એ દાડમના છોડને ઉખેડીને સળગાવી દેત, પણ એનામાં એટલું સાહસ ન હતું કે ફાયરલિંગ લોકોના ઈનામને અડી શકે. પણ સૌથી દુઃખદાયી વાત એ હતી કે એ ગ્રેનાને માંદાઓની સારવાર કરવા દેતા ન હતા. કોઈને રોગથી તડપતા જોઈને એને બહુ કષ્ટ થતું હતું.



વસંત પછી ગ્રીષ્મ ઋતુ આવી. લોકો એની મજાક ઉડાવવા અને એના છોડને જોવા આવતા હતા. દાડમનો છોડ એ પથરાળ જમીનમાં સુકાયો ન હતો. એને બદલે એ બહુ ઝડપથી વધી રહ્યો હતો. થોડા સમયમાં એમાં એક નાનું દાડમ ઉગ્યું. એ દાડમ પણ ઝડપથી મોટું થવા લાગ્યું. જુલાઈ આવતા સુધીમાં એ દાડમ એક કોળાં જેટલું મોટું થઈ ગયું હતું.

સપ્ટેમ્બર મહિના સુધીમાં એ કપડાં ધોવાના ટબમાં આખું સમાઈ શકે એટલું મોટું થઈ ગયું. એ એટલું ભારે હતું કે ગ્રેનાને એને લાકડીઓનો ટેકો આપવો પડ્યો. ફળ ઘેરા લાલ રંગનું હતું અને સાવ ગોળ હતું. લોકોના લોભે એના ડરને હરાવી દીધો અને એ છોડ માટે ગ્રેનાને ઘણા પૈસા આપવા તૈયાર થઈ ગયા. એ જાણતા હતા કે રાજા એ દાડમ માટે પુષ્કળ નાણાં ચુકવશે.



ગ્રેના ગરીબ હતી પણ ફાયરલિંગ રાજકુમારને આપેલું વચન એને યાદ હતું. એકલતા અને ગરીબી એના સાથી બની ચુક્યા હતા. છોડને રોજ પાણી પાવાની પ્રતિજ્ઞા એણે પાળી અને એનો છોડ હવે ઘાટીમાં સૌથી મોટો થઈ ગયો હતો.



લણણીના સમયે, રાજા સ્વયં એના મંત્રીઓ સાથે દાડમની ઘાટીમાં આવ્યા.


"ગ્રેના, અમે તારા અદભુત દાડમને જોઈને બહુ પ્રસન્ન છીએ," રાજાએ કહ્યું. "આ ફળ માટે અમે તને ચાંદીના દસ હજાર સિક્કા આપશું." બધા મંત્રીઓ અને ઘાટીના બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. એટલા પૈસા તો સાધારણ રીતે ઘાટીના બધા દાડમના ફળો માટે આપવામાં આવતા હતા.



ગ્રેનાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. એ બહુ ગરીબ હતી, બહુ ભૂખી હતી અને બધાના ગુસ્સાથી કંટાળી ગઈ હતી.

"મને ક્ષમા કરશો," એણે ધીમા અવાજે કહ્યું, "પણ મેં વચન આપ્યું છે કે આ ઝાડનું પ્રથમ ફળ બીજા કોઈને આપીશ."

રાજા ક્રોધિત થઈ ગયા. "શું?" એણે ચીસ પાડી. "આ દેશમાં રાજાથી પહેલા કોણ આવી શકે છે?"





એ જ સમયે દાડમના છોડની પાછળથી ફાયરલિંગ રાજકુમાર સામે આવ્યા. "કૃપા કરીને ક્રોધ ન કરો," એણે રાજાને કહ્યું, "કારણકે એ ફક્ત એનું વચન પાળી રહી છે. હું જ છું જેને એણે પહેલું ફળ આપવાનું વચન આપ્યું છે અને હું ફળ લેવા આવ્યો છું." એણે ફળને તોડ્યું અને એને એટલી સરળતાથી ઉઠાવી લીધું જાણે એ એક સાધારણ આકારનું ફળ હોય.

"અને હવે," એણે કહ્યું, "તમે બધા કદાચ આના બીજ જોવા ચાહશો." રાજકુમારે એની લાંબી અને મજબૂત આંગળીઓથી એ વિશાળ દાડમને સરળતાથી તોડ્યું. લોકો આશ્ચર્યથી જોતા રહ્યા કારણકે એના બીજ અખરોટ જેટલા મોટા હતા અને લાલ માણેકની જેમ ચમકી રહ્યા હતા. ફાયરલિંગ રાજકુમારે એક દાણો કાઢીને રાજા તરફ ફેંક્યો.

રાજા ચકિત થઈ ગયા. એ એક માણેક હતું.



"ફાયરલિંગ લોકોના ઇનામ જોખમી હોય છે," ફાયરલિંગ રાજકુમારે કહ્યું, "પણ તમારી બાહોશ ચિકિત્સકે એનું વચન પાળીને આ ભયંકર ભેટને વશમાં કરી લીધી છે." એટલું બોલીને એ નીચે ઝૂક્યા અને એણે દાડમના બંને ભાગ ગ્રેનાના પગ પાસે મૂકી દીધા. "આ છોડ અને એના બધા ફળ તારા છે," ફાયરલિંગ રાજકુમારે કહ્યું.

જ્યાં એની ઝૂંપડી હતી ત્યાં ગ્રેનાએ એક સુંદર ઘર બનાવ્યું અને વધેલા માણેકનો ઉપયોગ ગરીબોની મદદ કરવા માટે કર્યો. સમયની સાથે એનો દાડમનો છોડ એક મોટું વૃક્ષ બની ગયો અને એના પર દર વર્ષે, પાછલા વર્ષની તુલનામાં, વધારે મોટા દાડમ ઉગવા લાગ્યા. પણ ગ્રેનાને સૌથી વધારે સુખ રોગીઓની સારવાર કરવામાં મળતું. એ બધાની સારવાર કરતી, મનુષ્યોની અને ફાયરલિંગ જીવોની. એને એમાં જ આનંદ મળતો. ધન ક્યારેય પણ એને લોભામણું ન લાગ્યું.

ગ્રેના અને ફાયરલિંગ જીવ અને દાડમની ઘાટીના લોકો હવે આ ધરતી પરથી વિદાય થઈ ચુક્યા છે. પણ જ્યાં સૂર્યોદય થાય છે એની દક્ષિણ-પશ્ચિમે જે એક જગ્યા છે ત્યાં હજી પણ અગ્નિ જેવી ચટ્ટાનો જોઈ શકાય છે. અને ત્યાં નજીકમાંજ જે ઘાટી છે જ્યાં એક નદી ધીમે-ધીમે વહે છે અને ચારે બાજુ ઊંચા-ઊંચા વૃક્ષ છે, ત્યાં હજી પણ દાડમના વૃક્ષો પર મોટા-મોટા લાલ દાડમ ઉગે છે.





